**<u>ફો.પ.અરજી નં.૪૭/૨૦૨૬</u>**

**-:: રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૧૫/૨૦૨૬ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::-**

---

**(૧).** અરજદાર **રામભાઈ નથુભાઈ વાઘેલા**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. અરજદારે પોતાની માલિકીનો **મોબાઈલ ફોન વિવો કંપનીનો Y-17S** કે જે રાણાવાવ પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.બી-૧૧૨૧૮૦૧૫૨૬૦૧૧૫/૨૦૨૬** નાં કામે **પશુ પ્રત્યે ક્રુરતા અધિનિયમની કલમ-૧૧(૧)(ડી),૧૧(ઈ) વિગેરે** મુજબના ગુનાના કામે કબ્જે કરેલ છે તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. તેમજ અરજદારે સદરહુ મુદામાલ પોતાની માલિકીની હોવા બાબતે **મોબાઈલ ફોનનું બીલ તથા આધાર કાર્ડ**ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

**(૨).** સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો તથા અરજદારના વિ.વકીલશ્રીની રજુઆતો સાંભળી તેમજ અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓમાં મોબાઈલ ફોનના બીલની ઝેરોક્ષ નકલ જોતાં વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં, આ કામે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી જોતાં, પોલીસ દ્વારા આવો કોઈ મોબાઈલ ફોન કબ્જે કરવામાં આવેલ નથી અને પોલીસ દ્વારા **વિવો કંપનીનો V29e** મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે. આમ, આ કામે રજુ પંચનામુ, મોબાઈલ ફોનનું બીલ તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેતાં અરજદાર દ્વારા માંગવામાં આવેલ મોબાઈલ ફોન પોલીસે કબજે લીધેલ હોય તેવુ મુદ્દામાલ પાવતી તથા પંચનામુ વંચાણે લેતાં જણાઈ આવતુ ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમાં અરજદારની અરજી અંગે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આ કામના અરજદારની હાલની મુદ્દામાલ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૭મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : રાણાવાવ.

**(નારાયણ લાલ શર્મા)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાણાવાવ
**Code No.-GJ01439**